**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૧૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૬૮ ટકા

# શહેરમાં ફુલગુલાબી ઠંડીનો પ્રારંભ

**વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે : વડીલો અને બાળકોને ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડે છે : દિવસે હજુ ગરમી અનુભવાય છે**

ગાંધીનગર, તા.૧૭

નવેમ્બર માસના ત્રીજા સપ્તાહના પ્રારંભે ધીમે ધીમે ઠંડી વધી રહી છે. છેલ્લા ચાર-પાંચ દિવસોમાં લઘુત્તમ તાપમાનમાં એક થી બે ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો. સવારે અને સાંજે હવે ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડે છે.

આ વર્ષે છેક નવરાત્રી સુધી વરસાદી સિઝન ચાલી. વળી દિવાળીની આસપાસ પણ વરસાદી ઝાપટાંએ શહેરને તરબોળ કર્યું. નવેમ્બર મહિનાના પ્રારંભ સુધી વાદળોની અવરજવર રહી હતી. હવે છેક નવેમ્બર માસના ત્રીજા અઠવાડિયાથી ધીમે ધીમે ઠંડી અનુભવાઈ રહી છે. છેલ્લા ચાર-પાંચ દિવસથી ઠંડી અનુભવાઈ રહી છે. દિવસ દરમ્યાન જો કે હજુ સારી એવી ગરમી અનુભવાઈ રહી છે. મહત્તમ તાપમાન હજુ ૩૧ થી ૩૩ ડિગ્રી રહ્યું છે. જેના કારણે ગરમી અનુભવાય છે. છેલ્લા અઠવાડિયાથી વાતાવરણમાં ધીમે ધીમે પલ્ટો આવી રહ્યો છે. પવન સાવ ધીમો પડી ગયો છે. શિયાળાના કારણે સુર્યોદય મોડો થાય છે. થોડીક ઠંડી પણ અનુભવાય છે. વહેલી સવારે શાળાએ જતાં વિદ્યાર્થીઓ ગરમ વસ્ત્રોમાં જોવા મળે છે. વડીલોને પણ ગરમ વસ્ત્રો અને મોજાં પહેરવાની ફરજ પડે છે. બપોરે થોડીક ગરમી અનુભવાયા બાદ સાંજ પડતા ફરીથી ઠંડીની અસર અનુભવાય છે. દ્વિચક્રી વાહનચાલકોને ઠંડા પવનોનો સામનો કરવો પડે છે.

ઠંડીની અસર હવે બજારો પર પણ જોવા મળે છે. બજારોમાં ગરમ વસ્ત્રોનું વેચાણ વધી ગયું છે. સેકટર-૬ના તિબેટીયન માર્કેટમાં ભીડ જોવા મળે છે. હાથના મોજા, પગના મોજા, કાન ટોપી, ઈયર માઉસ વગેરેનું વેચાણ થતું જોવા મળી રહ્યું છે. લઘુત્તમ તાપમાન ચાર દિવસ અગાઉ ૨૧ ડિગ્રી હતું તે હવે ઘટીને ૧૮ ડિગ્રી થયું છે. આગામી દિવસોમાં હજુ પારો ગગડશે તેવી આગાહી હવામાનશાસ્ત્રીઓ કરી રહ્યા છે.




બ્રહ્માકુમારીઝ ગાંધીનગર સેવા કેન્દ્રના ૪૦મા વાર્ષિકોત્સવ નિમિત્તે રંગમંચ, સેકટર-૨૮, ગાંધીનગર ખાતે ૧૬ થી ૨૦ નવેમ્બર, ૨૦૧૯ દરમિયાન રોજ રાત્રે ૭.૩૦ થી ૯.૩૦ આયોજિત "શ્રીમદ ભગવદ ગીતાનું અદભૂત રહસ્ય" કાર્યક્રમનું દિપપ્રાગટ્ય કરી મંગળ ઉદઘાટન કરતાં રાજ્યના શિક્ષણ, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, કાયદો અને ન્યાય તંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો, મીઠા ઉદ્યોગ, ગૌસંવર્ધન અને નાગરિક ઉડ્ડયન ના માન. મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, આદરણીય ઉષાદીદી, રીટાબેન પટેલ, મેયરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા, પ્રોફે. સરત કુમાર કે પાત્રા, સે-૨૮, ગાંધીનગર-ડાયરેકટર ઓફ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફર્મેશન ટેકનોલોજી, વડોદરા, પ્રવિણભાઈ પટેલ વાઈસ ચેરમેન શ્રી, ગાંધીનગર નાગરિક કો-ઓ. બેંક લિ.તથા પૂર્વ મેયરશ્રી ગાંધીનગર મહાનગરપાલિકા તથા રાજયોગિની કૈલાશ દીદી-સંચાલિકા-બ્રહ્માકુમારીઝ ગાંધીનગર દશ્યમાન થાય છે.



ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલા રાંદેસણ ગામમાં દિવાળીના દિવસથી સતત ૨૦ દિવસ સુધી ફુલોના ગરબા યોજાય છે. વર્ષોની પરંપરા મુજબ ખોડીયાર માતાજીના ગરબા યોજાય છે. દ્રઢ માન્યતા મુજબ ખોડીયાર માતાજીની માનતા (બાધા) રાખવાથી પુત્ર રત્નની ઈચ્છા ધરાવતા દંપતિને ત્યાં અવશ્ય પુત્રનો જન્મ થાય છે તેવી ગ્રામજનોમાં માતાજી પ્રત્યેની અતુટ શ્રધ્ધા છે. ગામના ભાઈ-બહેનો ઉપરાંત અન્ય નાગરીકો પણ બાધા માનતા વધુ રાખતા હોય છે. સતત ૨૦ દિવસ સુધી યોજાતા ફુલોના ગરબામાં ગરબે ઘુમવા માટે મોટી સંખ્યામાં નાગરીકો આવે છે. સમસ્ત ગ્રામજનો દ્વારા આ સુંદર આયોજન કરવામાં આવે છે. ત્યારે આજે છેલ્લા દિવસે માતાજીના ગરબા વળાવવા માટે મોટી સંખ્યામાં નાગરીકો ઉમટી પડ્યા હતા.જયારે ગુજરાતના પ્રખ્યાત લોક ગાયક ગ્રીષ્મા પંચાલ તેમજ કરણસિંહ વાઘેલાના ગ્રુપે રમઝટ બોલાવી હતી.

# શહેરની સિવિલના રેડીયોલોજી વિભાગમાં ફેકલ્ટી કયારે મુકાશે..!

ગાંધીનગર, તા.૧૭

શહેરની સિવિલ હોસ્પિટલના રેડીયોલોજીસ્ટ વિભાગ છેલ્લા ચાર માસથી કોઈ ફેકલ્ટી જ નથી. સિવિલ હોસ્પિટલનો આ વિભાગ માત્ર ને માત્ર જેઆર અને એસઆર ડોકટર પર જ નિર્ભર છે. ત્યારે રોજની ૧૨૦ થી વધુ સોનોગ્રાફી થાય છે અને ૧૫ થી વધુ સીટીસ્કેન દર્દીઓના કરવામાં આવે છે. ત્યારે રેડીયોલોજી વિભાગમાં કાયમી ફેકલ્ટી કયારે મુકવામાં આવશે તે પ્રશ્ન સૌ કોઈને મુંઝવી રહ્યો છે. સિવિલમાં કાયમી રેડીયોલોજી ડોકટર મુકવામાં આવે તેવી માંગ દર્દીઓમાં પ્રબળ ઉઠવા પામી છે. સિવિલમાં રેડીયોલોજી ડોકટર ન હોવાથી દર્દીઓને ભારે પરેશાની વેઠવી પડી રહી છે.

જીએમઈઆરએસ સંચાલિત હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. સુવિધા સભર અને નવીન ટેકનોલોજીના સાધનોથી સજ્જ સિવિલ બનતા દર્દીઓનો ધસારો રહે છે. સિવિલની પાંચ માળની ઓપીડી બિલ્ડીંગ અને આઠ માળની ઈન્ડોર બિલ્ડીંગમાં દર્દીઓ જ નજરે પડી રહ્યા છે. હાલ ના સમયે તો ૬૦૦ બેડની હોસ્પિટલ પણ દર્દીઓની ઉભરાતા નવીન વોર્ડ તાત્કાલીક ઉભા કરાયા હતા અને દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ગાંધીનગર સહિત આસપાસના જિલ્લાના દર્દીઓ પણ સારવાર માટે આવતા હોવાથી દર્દીઓની લાંબી લાઈનો લાગે છે. ત્યારે પાટનગરના પાદરેથી સમગ્ર રાજયમાં આરોગ્યની સેવાઓ વધુ મજબુત કરવા માટેની સુફીયાણી વાતો કરવામાં આવે છે. તે રાજયના પાટનગરની સિવિલમાં જ રેડીયોલોજી વિભાગમાં છેલ્લા ચાર માસથી ફેકલ્ટી જ નથી. દરરોજ ૧૨૦ થી ૧૩૦ દર્દીઓની સોનોગ્રાફી થાય છે તેમજ ૧૫ થી વધુ દર્દીઓના સીટીસ્કેન પાડવામાં આવે છે. ત્યારે આ રીપોર્ટ જોવા માટે માત્ર જેઆર અને એસઆર ડોકટર જ હાજર હોય છે. ત્યારે સિવિલમાં સરકારી રેડીયોલોજી ડોકટર ન હોવાથી દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા ગાંધીનગર સિવિલમાં કાયમી ધોરણે રેડીયોલોજીની ફેકલ્ટી ભરવામાં આવે તેવી માંગ દર્દીઓમાં ઉઠવા પામી છે.

# ગાંધીનગરના યુવા રાયફલ શુટર વિમલ પ્રજાપતિએ રાષ્ટ્રીય કક્ષાએ બે બ્રોન્ઝ મેડલ્સ જીત્યા

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના યુવા રાઈફલ શુટર વિમલ પ્રજાપતિએ ફરી એકવાર રાષ્ટ્રીય કક્ષાએ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી બે બ્રોન્ઝ મેડલ જીતવા સાથે પાટનગરનું નામ રોશન કર્યું છે. વિમલ પ્રજાપતિએ તાજેતરમાં તા. ૧૨ થી ૧૫ નવેમ્બર દરમિયાન નવી દિલ્હીની ડૉ. કરણસિંહ શુટિંગ રેન્જ ખાતે 'ઑલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી ચેમ્પીયનશીપ'માં ૫૦ મીટર થ્રી પોઝીશન અને ૫૦ મીટર પ્રોન પોઝીશનની ટીમ ઈવેન્ટ એમ બંનેમાં તૃતીય સ્થાન હાંસલ કર્યું છે.

ગાંધીનગરના સે-૪-એમાં રહેતા ચીનુભાઈ પ્રજાપતિ અને કાશ્મીરાબેન પ્રજાપતિના પુત્ર વિમલ પ્રજાપતિ હાલ વડોદરા ખાતે રાજય સરકારના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતની સહાયથી માંજલપુર ખાતેની સ્પોર્ટસ એકેડેમીમાં તાલીમ મેળવી રહ્યા છે. જયાં તેમને કોચ ફરીદઉદ્દીન સિદ્દીકી તાલીમ આપી રહ્યા છે. વિમલ પ્રજાપતિએ સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિવર્સિટી અંતર્ગત રાષ્ટ્રીય કક્ષાની ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી ચેમ્પિયનશીપમાં બે ટીમ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યાં છે જેમાંથી એક ૫૦ મીટર થ્રી પોઝીશન અને બીજી ૫૦ મીટર પ્રોન પોઝીશન કેટેગરીમાં આ સિધ્ધિ મેળવી છે. વિમલ પ્રજાપતિએ આ સિધ્ધિનો શ્રેય પોતાના કોચ અને સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિવર્સિટી સહિત વીએસપીએફ સ્પોર્ટસ એકેડેમીને આપ્યો હતો.




## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**મરજાવા**
૯.૫૫, ૧૦.૫૫, ૧૨.૪૫, ૪.૧૦, ૭.૦૫, ૧૦.૦૦
**મોતીચુર ચકનાચુર**
૧.૪૦, ૭.૨૦
**બાલા**
૧૦.૧૫, ૧.૦૦, ૩.૫૦, ૬.૪૦, ૯.૩૦, ૧૦.૩૦
**હાઉસફૂલ-૪**
૪.૨૫, ૧૦.૦૫
**હેલ્લારો (ગુજરાતી)**
૯.૧૫, ૧૧.૪૦, ૨.૧૫, ૪.૫૦, ૭.૨૫, ૧૦.૦૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**મરજાવા**
૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૫.૧૫, ૮.૦૦, ૧૦.૪૫
**મોતીચુર ચકનાચુર**
૪,૨૫, ૧૦.૧૫
**મિસ્ટર કલાકાર (ગુજરાતી)**
૧૧.૩૫
**બાલા**
૯.૦૦, ૨.૧૦, ૪.૫૫, ૭.૪૦, ૧૦.૨૫
**હાઉસફૂલ-૪**
૧.૨૫, ૭.૧૫
**હેલ્લારો (ગુજરાતી)**
૯.૩૦, ૧૧.૫૫, ૨.૩૦, ૭.૫૫, ૧૦.૩૦

**સિટી પલ્સ, કુડાસણ**

**મરજાવા**
૧૨.૩૦, ૩,૩૦, ૬.૩૦, ૧૦.૦૦
**મોતીચુર ચકનાચુર**
૩.૧૫, ૧૦.૦૦
**મીસ્ટર કલાકાર**
૫.૪૫
**હાઉસફુલ-૪**
૩.૪૫, ૯.૩૦
**બાલા**
૨.૩૦, ૯.૪૫, ૧૧.૪૫, ૬.૪૫
**હેલ્લારો (ગુજરાતી)**
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૯.૩૦

## ચિરવિદાય

- સ્વ. સુભાષભાઈ વસરામભાઈ દંતાણી, ઉ.વ. ૩૦
- સ્વ. ડબગર હસમુખભાઈ અમૃતલાલ, ઉ.વ. ૫૩
- સ્વ. ભીલ શંકરજી ખેતાજી, ઉ.વ. ૫૬

**રક્તદાન મહાદાન**

# સાપને મારી નાંખવો એટલે આપણા પગ પર જ કુહાડી મારવી...!!

**અભ્યાસના પુસ્તકો ખંખોળવાની વચ્ચે ગાંધીનગરની ૨૧ વર્ષીય યુવતિ સાપ પકડે છે : ગરોળી-વંદા જોઈને ચીસો પાડી ઉઠતી મહિલાઓથી માંડીને મુછાળા મરદો પણ આ કોમળ યુવતિની હિંમત જોઈ મોંમાં આંગળા નાંખી જાય છે**




ગાંધીનગર, તા.૧૭

'પ્રકૃતિ' એટલે પર્યાવરણ અને જીવસૃષ્ટિનો સંગમ, બંને એકબીજાના પૂરક અને પોષક છે. માનવી પોતાના ટૂંકા ગાળાના લાભ ખાતર બંનેનો સોથ વાળી રહ્યો છે. જેના દુષ્પરિણામો લાંબે ગાળે ભયાનક સાબિત થશે અને તેની શરૂઆત થઈ ચુકી છે. ઋતુચક્રમાં અણધાર્યા ફેરફારો સાથે કુદરતી આપત્તીઓની વધતી સંખ્યા દ્વારા પ્રકૃતિ 'કલાઈમેટ ચેન્જ' થકી તેની પ્રતિતિ કરાવી રહી છે. આ વર્ષે દિવાળીના તહેવાર પછી પણ ચાલુ રહેલી વરસાદી સીઝન અને વાવાઝોડા માત્ર મનુષ્યોને જ નહી પરંતુ પ્રાણીઓને પણ તેમની જીવનશૈલીમાં પરિવર્તન લાવવા મજબુર કરી રહ્યાં છે. સામાન્ય રીતે દિવાળીના તહેવાર પછી શીતકાળ ધરાવતા સરિસૃપો શિયાળાની ઠંડીમાં લાંબી શીતનિંદ્રામાં ચાલ્યાં જતા હોય છે. પરંતુ આ વર્ષે હજુ સુધી આ સ્થિતિ જોવા મળી નથી. 'સાપનું ઘર' કહેવાતા ગાંધીનગર જિલ્લામાં તો હજુ પણ દિવસના સરેરાશ ૧૫ જેટલા સર્પો માનવ વસાહત વચ્ચે આવી ચઢવાના કિસ્સા નોધાય છે. સામાન્ય રીતે માનવ વસાહતમાં સર્પ દેખાય એટલે એને 'પતાવી' દેવાની વૃત્તિ જોવા મળે છે પરંતુ ગાંધીનગર સ્નેક લવર્સ ગૃપ જેવી સંસ્થા સહિત અનેક પ્રકૃતિ અને વન્યજીવ પ્રેમીઓની જહેમતને કારણે હવે નાગરિકો સાપને મારી નાંખવાને બદલે 'સ્નેક-કેચર'ને બોલાવી તેને રેસ્કયુ કરાવી સલામત સ્થળે છોડી મુકવાની જાગૃતિ દાખવતા થયા છે. 'સ્નેક લવર્સ ગૃપ' માં આમ તો અનેક અનુભવી સ્નેક કેચર્સ આ કાર્ય પોતાની સ્વેચ્છાએ 'પ્રકૃતિ સેવા' સમજીને કરી રહ્યાં છે. પરંતુ તાજેતરમાં જ તેમાં એક માત્ર ૨૧ વર્ષની યુવતી જોડાઈ છે જે બીનઝેરી હોય કે ઝેરી તમામ પ્રકારના સાપ પકડવામાં ખૂબ ઝડપથી માહેર થઈ રહી છે જે નિહાળી સામાન્ય નાગરિકો તો દંગ જ રહી જાય છે.

ગાંધીનગરને અડીને આવેલા મહેસાણા જિલ્લાના ગોકળપુરા ગામના દિનેશચંદ્ર પંચાલ પોતાની શિક્ષક તરીકેની નોકરીને કારણે કચ્છના રાપર ખાતે વસવાટ કરી રહ્યાં છે. દિનેશચંદ્રના બ્યુટિશિયન પત્નિ તનુજાબેનની કુખેથી બે દિકરીએ અવતરી છે જેમાં મોટી દિકરી દેવાંશી જેનો જન્મ તેના મોસાળ મુંબઈમાં થયો હતો તેણે શાળાકીય અભ્યાસ પુરો કરી ઉચ્ચ અભ્યાસ માટે ગાંધીનગર પર પસંદગી ઉતારી જેને કારણે પરિવાર ગાંધીનગરના સરગાસણ ચાર રસ્તા વિસ્તારમાં આવીને વસ્યો છે. રાપરમાં છાશવારે સાપ નીકળવાની ઘટનાઓ સર્જાતી હતી તેના કારણે પ્રકૃતિ પ્રેમી એવી દેવાંશીને સાપ પ્રત્યે આકર્ષણ થવા લાગ્યું હતું અને તેને સાપ પકડવાની ખૂબ ઈચ્છા થતી હતી. સામાન્ય રીતે મહિલા વર્ગ માટે એવી છાપ છે કે ગરોળી કે વંદો જુએ તો પણ ચીસ પાડી ઉઠે જયારે દેવાંશી કંઈક જુદા માટીની જ બનેલી છે. બાળપણમાં બીકના કારણે સાપ પકડવાની ઈચ્છા હોવા છતાં સાહસ ના કરી શકનાર દેવાંશીનો સંપર્ક સ્નેક લવર્સ ગૃપના સ્વયંસેવકો સાથે થતા તેને મિત્રતા બંધાઈ અને તેણે તેમની સમક્ષ પોતાની ખ્વાઈશ જાહેર કરી હતી.

અત્યારે ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીમાં એમએસસી કરી રહેલી દેવાંશી જયારે કડી સર્વ વિશ્વ વિદ્યાલયમાં ૨૦૧૬માં બીએસસીના દ્વિતિય વર્ગમાં અભ્યાસ કરી રહી હતી ત્યારે તેણે પહેલીવાર સાપ એક બીનઝેરી સાપ સ્નેકલવર્સ ગૃપના સ્વયંસેવક મિત્રના માર્ગદર્શન હેઠળ પકડયો ત્યારે કેમ્પસમાં ઉપસ્થિત વિદ્યાર્થીનીઓ કે વિદ્યાર્થીઓ તો ઠીક અધ્યાપકોના શરીરમાંથી પણ ભયનું લખલખું પસાર થઈ ગયું હતું. આ વાતની જાણ તેના પરિવારમાં થતા શિક્ષક પિતા અને આધુનિક માતાએ તેને બિરદાવવા સાથે સાવચેત રહેવા પણ શીખ આપી હતી. આ સાથે દેવાંશીએ સર્પ ઝેરી છે કે બીનઝેરી, કઈ પ્રજાતિનો છે, તેના સામાન્ય લક્ષણો શું હોય વગેરેનો અભ્યાસ કરવાનું પણ શરૂ કરી દીધું અને જયારે પણ સ્નેક લવર્સ ગૃપના મિત્રો સાપને બચાવવાના રેસ્કયુ કોલ પર જાય ત્યારે તેમની સાથે જઈ કયો સાપ કેવી રીતે પકડવો તેની તાલીમ લેવાનું માત્ર ૧૯ વર્ષની ઉંમરથી જ શરૂ કરી દીધું હતું. પિતા દિનેશચંદ્ર ખગોળ વિદ્યામાં રસ ધરાવતા હોવાથી દિકરીનો પ્રકૃતિ-વન્યજીવ સૃષ્ટિ પ્રેમ પરિવારમાં આસાનીથી સ્વીકાર્ય બન્યો અને ધીમે ધીમે દેવાંશી કોઈ પણ પ્રકારના સાપ ઝેરી છે કે બીનઝેરી તેને ઓળખી કેવી રીતે સલામતી સાથે પકડવો, તેને કેવી રીતે લઈ જવો અને સલામત વાતાવરણમાં કેવી રીતે છોડી મુકવો તે ઝડપથી શીખી જવા પામી છે. સામાન્ય રીતે તો સાપ જ માનવીથી વધુ ડરતો હોય છે અને તેથી તે પોતાના સ્વબચાવમાં જ ના છૂટકે કરડતો હોય છે તે જાણી ચુકેલી દેવાંશીને સર્પના સુંવાળા મુલાયમ શરીરનો સ્પર્શ રોમાંચિત કરી મુકે છે. તે જયાં રહે છે ત્યાં સોસાયટીના રહીશો, અડોશી-પડોશીઓ વગેરે શરૂઆતમાં તેના માતા પિતાને ટોકતા હતા કે 'છોકરીને આવું જોખમી કામ ના કરવા દેવાય' પરંતુ પરિવારના પ્રોત્સાહન સાથે આજે દેવાંશી આંધળી ચાકરણથી માંડીને અજગર તથા કોબ્રાથી માંડીને ખડચીતરો જેવા સર્પો પોતાના સ્નેક લવર્સ ગ્રુપના માર્ગદર્શક મિત્રોના માર્ગદર્શન હેઠળ પકડી ચુકી છે. સ્નેક લવર્સ ગ્રુપના સ્વયંસેવકો તુષાર પરીખ અને અમિત ગોંડ સતત દેવાંશીને ઝીણવટભર્યા માર્ગદર્શન તથા સાવચેતીના આયામો સાથે 'સ્નેક રેસ્કયુ'ની સઘન તાલીમ આપી રહ્યાં છે. દેવાંશી માને છે કે 'સાપને હાનિ પહોંચાડવી એટલે સમગ્ર જીવસૃષ્ટિને હાની પહોંચાડવી કેમ કે સાપ જૈવિક ચક્રની સમતુલા જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. સાપને વગર વિચારે મારી નાંખવા એટલે આપણા પોતાના પગ પર જ કુહાડી મારવા સમાન છે.' ખરેખર, ધન્ય છે દેવાંશીના પ્રકૃતિ પ્રેમને અને ધન્ય છે તેની હિંમતને...!!



- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com